
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# અધ્યાત્મ એક રોકડિયો ધર્મ




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર
http://awgp.org

# અધ્યાત્મ એક રોકડિયો ધર્મ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

આ શિબિરમાં હું એ અધ્યાત્મ આપ સૌને શિખવાડવા માગું છું, જે મારા ગુરુએ મને શિખવાડયું અને તેનું પરિણામ તત્કાળ ફળ આપનાર ધર્મ છે. એનાથી આપને શું મળશે ? એનાથી આપને સંતોષ મળશે. સંતોષ કોને કહે છે ? બેટા, સંતોષ એને કહેવાય છે, જેના કારણે વ્યક્તિ મસ્તીમાં મગ્ન રહે છે, ખુશીથી નાચી ઊઠે છે. વ્યક્તિની તકલીફો દૂર થઈ જાય છે. વ્યક્તિએ ન તો ઊંઘની ગોળીઓ ખાવી પડે છે, ન દારૂનું સેવન કરવું પડે છે અને ન તો સિનેમા જોવા જવું પડે છે. વ્યક્તિ પોતાની જિંદગી શાંતિથી, હેરાનગતી વગર જીવી લે છે, જેમાં ગાઢ ઊંઘ આવે છે.

આજે માણસો ઊંઘ વગર હેરાન હોય છે અને કહે છે ઊંઘ જ નથી આવતી ઊંઘ કોને આવશે ? જેનું અંતર્દ્વંદ્વ બંધ થઈ જશે એ દરેક વ્યક્તિને ઊંઘ આવશે, જેમની અંદરના સાંઢ લડવાનું બંધ કરી દઈ એ એક રસ્તે ચાલશે.

## ક્રાંતિકારી અધ્યાત્મની રિદ્ધિસિદ્ધિઓ

મિત્રો ! જો આપને સંતોષ મળે અને સંતોષના કારણે શાંતિ મળે તે જો પસંદ હોય તો આપ સૌએ અધ્યાત્મને અપનાવવું પડશે. આમાં પાક અંદરથી ઉગવાનું શરૂ કરે છે, જેને આપ અતીન્દ્રિય ક્ષમતા કહો છો. અતીન્દ્રિય ક્ષમતા દૂરદર્શનની ક્ષમતા હોય છે અર્થાત્ દૂરનું જોવા અને સાંભળવાની ક્ષમતા. આપણી અંદર ટેલિવિઝન, વાયરલેસ તથા બીજાં એટલાં બધાં વૈજ્ઞાનિક સાધનો ગોઠવેલાં છે, જે સામાન્ય વ્યક્તિને મળી શકતા નથી, પરંતુ આપને મળી શકે છે. તે માટે શરત ફક્ત એક જ છે કે આપની અંદર જે હલચલ ચાલી રહી હોય તેને આપ બંધ કરી દો.

સાથીઓ ! હું આપને જે અધ્યાત્મ શિખવાડીશ તેમાં આ આંતરિક હલચલ બંધ થઈ જશે. પછી આપને દરેક જગ્યાએ જિંદગીનો સ્વાદ,જિંદગીની મજા મળશે. જિંદગીની મજા સંતોષ ઉપર ટકેલી છે, ખુશી ઉપર ટકેલી છે. આપ બધાં કામ ખુશી માટે જ કરો છો. ખુશી માટે સિનેમા જુઓ છો. બાળકોના લગ્નોમાં જોડાઓ છો, પરંતુ ખુશીનું સુંદર સ્વરૂપ તો સંતોષ છે. જ્યારે આપને સંતોષ મળી જશે ત્યારે આપના ચહેરા પર કાયમ ખુશી દેખાઈ આવશે. ચહેરા પર આપને શું દેખાશે ? બે બાબતો જણાશે - એક તો આપને ગાઢ ઊંઘ આવશે અને બીજું આપના ચહેરા પર ગુલાબના ફૂલની માફક પ્રસન્નતાભરી ખુશી દેખાશે. સંતોષ મળ્યા પછી આપની ખીજ, આપની ચીડ, આપની નારાજગી બધું જ દૂર થઈ જશે.

મિત્રો ! મારા ગુરુએ એ અધ્યાત્મ મને શિખવાડયું છે તે હું તમને શિખવાડીશ ત્યારે આપની જિંદગીમાંથી ખીજ દૂર થઈ જશે. જો આપને આ સિધ્ધિ જોઇતી હોય, તો મારી પાસે આવો. આપ તે શીખો અને તેની કિંમત ચૂકવો. વ્યક્તિનો સંતોષ અંદરથી આવે છે, પ્રતિભા અંદરથી આવે છે. જમીનની અંદર શું છુપાયેલું છે ? બહાર તો માટી છે, પરંતુ થોડુંક ખોદતા જ પાણી મળે છે અને થોડું વધારે ઉંડુ ખોદીએ તો પેટ્રોલ મળશે. જયાં આપ બેઠા છો તે પાંચફૂટ જગ્યાને મશીનથી ખોદવાનું શરૂ કરી દઈએ અને જયાં સુધી જમીન છે ત્યાં સુધી ખાડો કરી નાંખીએ તો તેમાંથી કરોડો, અબજો રૂપિયાની દોલત મળી જશે. બેટા, બહાર તો માટી છે, પરંતુ અંદર બહુમૂલ્ય સંપત્તિ છે.

મિત્રો ! માનવીના વ્યક્તિત્વની અંદર કોણ જાણે શું શું ભરેલું છે ? માનવીનું બાહ્ય કલેવર ખોરાક ખાય છે, મળમૂત્ર બહાર કાઢે છે, પૈસા કમાય છે, સિનેમા જુએ છે અને બાળકો પેદા કરતું રહે છે. આ આવરણમાં અનેક સમસ્યાઓ પણ એકઠી થઈ જાય છે. કેવી રીતે ? અરે ભાઈ ! જેમ માથામાં જૂ પડે છે, જૂ માટે કોઈ મકાન છે ? કોઈ ઘરસંસાર છે ? કોઈ પણ પ્રકારની ખેતીવાડી છે ? કશું જ નથી. તે તો આ રીતે જ ગુજરાન ચલાવી લે છે. આ રીતે જૂ ની માફક જ આપ જીવનનું મહ્ત્વ સમજો છો.

આંતરિક જીવન શું હોય છે ? આંતરિક જીવન તો આપે ક્યારેય જોયું નથી. ક્યારેય તેને નજીકથી માણ્યું નથી. આંતરિક જીવનનો આપને ક્યારેય અણસાર પણ નથી આવ્યો કે ગંધ પણ નથી આવી. આપ સૌએ આંતરિક જીવનનું સ્વરૂપ જોયું જ નથી. વ્યક્તિની અંદરનું જે સ્વરૂપ છે તેને જો આપ જોઈ શકતા હોય તો આપના જીવનમાં ખુશી આવી જાય. જો આપ આપના આંતરિક સ્વરૂપને ગૌરવશાળી બનાવી શકો, તો હું કહું છું કે આપને બે શક્તિઓ પ્રાપ્ત થઈ શકે. એક તો આપને ગાઢ ઊંઘ આવશે. ગુરુજી ! આપને ગાઢ ઊંઘ આવે છે ? હા બેટા, મને એવી ગાઢ ઊંઘ આવે છે કે હું આઠ વાગ્યે અહીંથી જાઉં છું ત્યારે પથારી પર શરીર લંબાવતા જ સાડા આઠ સુધીમાં ગાઢ ઊંઘમાં ચાલ્યો જાઉં છું. ત્યાર પછી સાડા બાર વાગ્યે મારી આંખ ખૂલી જાય છે અને અડધા કલાકમાં સ્નાનાદિથી પરવારીને એક વાગ્યે મારું કામ શરૂ કરી દઉં છું.

પૂજા-ઉપાસના કરું છું. હું કેટલા કલાક ઊંઘ લઉં છું ?  ચાર કલાક. આ ચાર કલાક દરમિયાન મને એટલી ગાઢ ઊંઘ આવે છે કે ભલે જમીન ફાટી જાય કે આસમાન તૂટી પડે, પણ સામાન્ય ઘટનાઓ મને અસર કરતી નથી.

## સંતોષ ધન - સૌથી મોટી મૂડી

મને આટલી ગાઢ ઊંઘ આવે છે કારણ કે મને કોઈ ચિંતા નથી. શાંતિકુંજની, ગાયત્રી તપોભૂમિની કે યુગનિર્માણની મને બિલકુલ ચિંતા નથી શા માટે ? કારણ કે હું ભગવાન પર વિશ્વાસ રાખું છું.

આપને ચિંતા કેમ છે ? કારણ કે આપ ભગવાન પર વિશ્વાસ રાખતા નથી. ભગવાનનું નામ લો છો, પરંતુ ભગવાન પર વિશ્વાસ રાખતા નથી. હું ભગવાન પર વિશ્વાસ રાખું છું અને એટલું માનું છું કે આખી દુનિયા તેના જ ચક્ર પર ફરી રહી છે અને હું પણ તેના જ ઈશારે કઠપૂતળીની જેમ કામ કરું છું.

ભગવાનને જે કામ કરવું હશે તે બરાબર થઈ જશે. આથી મને પૂરી ઊંઘ આવે છે અને રાત્રે જરા પણ અસંતોષ થતો નથી, ચિંતા થતી નથી, બીજું શું રહે છે ? બેટા, મારા ચહેરા પર હાસ્ય છવાયેલું રહે છે.

મિત્રો ! ગાંધીજીના ચહેરા પર હંમેશા હાસ્ય રહેતું હતું. તેઓ અવારનવાર હસતા રહેતા. તેઓ મજાક પણ કરતા હતા. ગાંધીજીને એક વખત પૂછયું કે આપ વારંવાર કેમ હસો છો ? તેમણે કહ્યું કે હસું નહિ તો જીવીશ કેવી રીતે ? હાસ્ય ઉપર તો મારી જિંદગી ટકેલી છે. જે માણસો હસતા નથી તેઓ અપશુકનિયાળ હોય છે. અપશુકનિયાળ અર્થાત્ રાક્ષસ, શેતાન, જેને જોઈને બાળકો ભાગી જાય છે. પિતા જ્યારે ઘરમાં ઘૂસે છે ત્યારે બધા પર રોફ જમાવવા માંડે છે. પત્ની, બાળકો, સાઈકલ, ભોજન, થાળી બધા પર રોફ જમાવવા માંડે છે. આ કોણ છે ? અપશુકનિયાળ છે, રાક્ષસ છે, જે હસવા-હસાવવાનું જાણતો નથી.

મિત્રો ! જો આપની અંદર કદાચ અધ્યાત્મ આવી જશે તો આપના ચહેરા પરથી મીઠાશ ફેલાશે. આપની વાણીમાંથી રસ ઝરવા માંડશે. આપના વ્યવહારમાં કોણ જાણે કેવી કેવી શાનદાર બાબતો આવીજ શે. અધ્યાત્મ એવું તત્વ છે, જે આપની અંદર સંતોષ લાવી દેશે. આ થઈ સિદ્ધિ નંબર એક. જો આપને આ સિદ્ધિ સ્વીકાર્ય હોય તો હું આપને સાધના બતાવીશ.

ગુરુજી, સાધના શીખવવામાં તો ખૂબ સમય લાગશે ? ના બેટા, તે તો મિનિટોની જ વાત છે. ઓપરેશનમાં કયાં વાર લાગે છે ? દવા ખવડાવવામાં કેટલી વાર લાગે છે ? ઇન્જેક્શન તો એક મિનિટમાં લગાવી દઈશું દરદી ખાવાપીવામાં પરેજી પાળશે એટલે તદ્દન સાજો થઈ જશે. બેટા, અસલી ઉપાય તો પરેજી છે.

સારું, હવે આપ શું શિખવાડી રહયા છો ? બેટા, હવે હું પરેજી બતાવી રહયો છું અને ફિલોસોફી શિખવાડી રહયો છું. મંત્ર તો ગમે ત્યારે બતાવી દઈશ. તે તો સેકંડનું કામ છે. ખરેખર તો તેની ફિલોસોફી શીખો.

બેટા, હું આપને એવું અધ્યાત્મ શિખવાડવા માટે ઈચ્છુંક છું, જે આપ શીખવા માંગો તો આપને બીજી એક ચીજ મળી શકે, વધુ એક સિદ્ધિ મળશે. પહેલી સિદ્ધિ અંદરથી મળશે, જેનું નામ છે - સંતોષ. સંતોષને કારણે આપને સ્વાસ્થ્ય, ખુશી, આપનું યૌવન, દબાઈ ગયેલી અતીન્દ્રિય ક્ષમતાઓનો વિકાસ વગેરે અંદરથી મળશે.

દુનિયા પાસેથી બહારથી શું મળશે બેટા, દુનિયા પાસેથી પણ એક સિદ્ધિ મળશે. દુનિયા આપને કેવી રીતે આપશે ? અંદરવાળું આકર્ષણ અને અંદરવાળું મૅગ્નેટ જ્યારે વિકસિત થાય છે ત્યારે બેટા, દુનિયા આપને ભેટ આપે છે, જેનું નામ છે - સન્માન. બહારની આ સિદ્ધિ મેળવીને આપ સન્માનિત તથા આબરૂદાર વ્યક્તિ બની જશો.

### સન્માન વરસશે

મિત્રો ! જે અધ્યાત્મ હું આપને શિખવાડવાનો છું અને હું સફળ થઈશ કે નહિ ખબર નથી આપ શીખશો કે નહિ, પરંતુ જો તમે શીખી લેશો તો એક બીજી ચીજ આપને મળશે. દુનિયાની દૃષ્ટિએ આપ સન્માન કોઈને મળતું નથી. હા, ખુશામત જરૂર મળે છે. પૈસા આપો અને ખુશામત ખરીદી લો.

બેટા ! જેને આપ ઇજ્જત કહો છો તે પૈસાથી ખરીદી શકાતી નથી. હું જે સન્માનની વાત કહું છું તે અધ્યાત્મવાદી લોકો પર વરસે છે. તેમની ઉપર સન્માન વરસે છે, શ્રદ્ધા વરસે છે અને તેનાથી જે ફાયદા થશે તેને આપ નહિ સમજી શકો.

મિત્રો ! શ્રદ્ધાની સાથે, સન્માનની સાથે એક બીજી બાબત જોડાયેલી હોય છે, જેનું નામ છે - મદદ. શ્રદ્ધાની સાથે મદદ જોડાયેલી હોય છે. જો જનસમાજને આપના પ્રત્યે સન્માન અને શ્રદ્ધા હશે તો બેટા, મદદ પણ જરૂર આવશે.

લોકોને નાનક પ્રત્યે શ્રદ્ધા હતી, તેથી લોકોની મદદ મળી. સુવર્ણ મંદિર બન્યું છે તે તેનું સાક્ષી છે. બુદ્ધ પ્રત્યે શ્રદ્ધા પેદા થઈ અને એમના પ્રત્યે લોકોને સન્માન જાગ્યું. રાજા અશોકે તો કમાલ જ કરી દીધી હતી. આમ્રપાલીથી માંડીને અંગુલિમાલ સુધી કોણ જાણે કેટલીય વ્યક્તિઓનો સહયોગ જે રીતે મળ્યો હતો તે હું આપને શું કહું ?

મિત્રો ! જયાં સન્માન હોય છે ત્યાં સહયોગ આવે છે. મહાપુરુષો પર સહયોગ વરસ્યો, ગાંધીજી પર સહયોગ વરસ્યો. અરે ! અનેક વ્યક્તિઓ પર સહયોગ વરસ્યો છે.

## સામાજિક જીવનનું અધ્યાત્મ

મિત્રો ! ઈમાનદારી, વફાદારી અને જવાબદારી ત્રણેયના સમન્વયથી સામાજિક જીવનમાં અધ્યાત્મ થઈ જાય છે. અધ્યાત્મ કેવું હોય છે ! અધ્યાત્મને જીવનમાં કેવી રીતે એપ્લાય કરી શકાય છે. પોતાના વિકૃત જીવનમાં સંયમરૂપે આપણે એપ્લાય કરીએ છીએ. સમાજમાં આપણે જવાબદારી, વફાદારી અને ઈમાનદારી રૂપે તેને વ્યવહારમાં લાવીએ છીએ. જીવનમાં આ ત્રણેયનો સમાવેશ કરી લઈએ તો અધ્યાત્મ થઈ જાય છે. ના સાહેબ ! ભજન અને માળાને અધ્યાત્મ કહે છે. ભજન તો મગજનો એક ખેલ છે. તે આપણા અંતર્મનની એક કસરત છે. કસરત ઘણા પ્રકારની હોય છે. અંતર્ચેતનાના વ્યાયામનું એક નામ મંત્ર પણ છે. જેને આપ મંત્ર કહો છો તે પણ અધ્યાત્મનો એક ભાગ છે. પરંતુ ફક્ત તે જ સંપૂર્ણ અધ્યાત્મ ન હોઈ શકે.

ગુરુજી ! આપ અધ્યાત્મના અનુદાનની બાબતમાં કહી રહયા હતા ? બેટા, હું કહી રહયો હતો કે જ્યારે પણ સન્માન આવે છે ત્યારે સહયોગ પણ આવે છે, શ્રદ્ધા આવે છે. વિરોધીઓ પણ ઇજ્જત કરે છે. બેટા, અંગ્રેજોએ ક્રાંતિકારીઓને ફ્રાંસીની સજા આપી હતી. તેમને ફાંસી આપનાર મેજિસ્ટ્રેટે તેમના માટે જે રિર્માક લખી છે તે આપ વાંચો. તેમણે શું રિમાર્ક લખી છે તે આપ વાંચો. તેમણે શું રિમાર્કસ લખી છે ? તેમને રિમાર્ક લખી છે કે હું તેમની ઇજ્જત કરું છું કારણ કે તેમણે જે કામ માટે આ ગુના કર્યા તેનો ઉદ્દેશ ખૂબ ઉંચો હતો. તેમને ગુના કર્યા એટલે અમારું બંધારણ, અમારો ફાયદો કહે છે તે પ્રમાણે ફાંસીની સજા કરી, પરંતુ ફાંસીની સજા છતાં અમે તેમની ઇજ્જત કરીએ છીએ.

## સિદ્ધિઓના કેટલાય પ્રકાર-સહયોગ અને અનુદાન

મિત્રો ! આપને ઇજ્જત મળી શકે છે. કેવી રીતે ? જે અધ્યાત્મ હું આપને શિખવાડવાનો છુ તેનાથી આપને ઇજ્જત મળશે. પછી આપ જોશો કે સહયોગ પણ મળી રહયો છે. સહયોગ ક્યાંથી મળશે ? બેટા, મને પહેલાં ઇજ્જત મળી છે, પછી સહાયતા મળી છે. સહાયતા ન મળત તો આ બધું કામ હું કેવી રીતે ચલાવતો હોત, કહો ? કેટલાય જીવનદાનીઓ મારી મુઠ્ઠીમાં છે.

બ્રહ્મવર્ચસમાં કેટલી વ્યક્તિઓ કામ કરે છે ? તેઓ શું છે ? આઠ-દસ તો પોસ્ટ ગ્રેજ્યુએટ છે, પી.એચ.ડી. છે, એમ.બી.બી.એસ. છે, એમ.એસ. છે, એમ.ડી. છે. કેટલા છોકરાઓ કામ કરે છે ? એમને નોકરી આપીને જુઓ. એક એક વ્યક્તિ ઓછામાં ઓછા પંદરસો-પંદરસો રૂપિયાની નોકરી છોડીને આવી છે. કેટલી વ્યક્તિ છે ? વીસ છે. કેટલા રૂપિયા થશે ? ત્રીસ હજાર રૂપિયા મહિને થશે. આ બધું ક્યાંથી આવે છે ? શ્રમ રૂપે સહયોગ, બુદ્ધિ રૂપે સહયોગ, ભાવનાઓ રૂપે સહયોગ, આપ સહયોગનો અર્થ ફક્ત પૈસા સમજો છો.

મિત્રો ! જો આપની સમજ એ હોય કે સહયોગનો અર્થ પૈસા થાય છે, તો ચાલો હું તમને ઉદાહરણ આપું છું. ગાંધીજી પાસે પણ પૈસા આવ્યા હતા, બીજાઓ પાસે પણ પૈસા આવ્યા હતા. વિનોબા પાસે કેટલી જમીન આવી હતી ? કરોડો એકર જમીન ભૂદાનમાં આવી ગઈ હતી. બેટા, જો કોઈએ આટલી જમીન ખરીદી હોત તો દેવાળું નીકળી ગયું હોત. મેં થોડીક જમીન ખરીદી તો દોઢ લાખ રૂપિયાની જરૂર પડી. તેમણે કેટલી જમીન ખરીદી ? કરોડો રૂપિયાની જમીન ખરીદી વિનોબાએ. ભૂદાનયજ્ઞમાં લોકોએ સહયોગ આપ્યો હતો. આપને સહયોગ મળે છે ? કોઈનો નથી મળતો. ધર્મપત્નીઓ મળે છે ? ના, સાહેબ તેનો સહયોગ પણ નથી મળતો. માતાજીનો મળે છે ? ના, માતાજીનો પણ નથી મળતો. પિતાજીનો? પિતાજીનો પણ નથી મળતો. કોઈનો પણ સહયોગ મળ્યો ? ના, સાહેબ, બધા ખૂબ ચાલાક છે અને આખી દુનિયા બેઇમાન છે. હા, આપનું કહેવું બિલકુલ સાચું છે. દુનિયા તો ચાલાક જ છે, પરંતુ દરેક વ્યક્તિની અંદર એક યોગ્યતા છે. કેવા પ્રકારની ? જે બીજાઓની સહાય કરે છે. આપ પહેલાં સન્માન પ્રાપ્ત કરો.

મિત્રો ! લોકો સન્માન આપતા નથી. સન્માન લેવામાં આવે છે. કેવી રીતે ? એવા અધ્યાત્મથી, જે હું આપને શિખવાડવાનો છું, સમજાવવાનો છું. તેના વડે આપ શું કરશો ? એવા અધ્યાત્મ દ્વારા આપ જનતાનું સન્માન મેળવશો. પછી શું થશે ? પછી આપની પર સહયોગની વર્ષા થશે. આ શું થઈ ગયું ? આ સિદ્ધિ નંબર બે છે. આ બહારની સિદ્ધિ થઈ. ઈશ્વર, જીવ અને પ્રકૃતિ ત્રણ હોય છે. હું પહેલાં જીવની વાત કરી રહ્યો હતો. જીવાત્માની અંદરથી, આપણા અંતર્મનમાંથી જે સિદ્ધિઓ મળે છે

તેની વાત હું હમણાં કરી રહ્યો હતો. હવે હું પ્રકૃતિની વાત કરું છું. બહારથી આપને જાતજાતના સહયોગ મળશે, મદદ મળશે, જાતજાતની પ્રસન્નતા મળશે. જાતજાતના ભાવ મળશે.

સાથીઓ ! જે સિદ્ધાંત, જે અધ્યાત્મ હું શિખવાડવાનો છું અને જેના માટે મેં આપને બોલાવ્યા છે તે અધ્યાત્મની સફળતા પર ટકેલું છે. આપ જો જંજાળમાં ફસાશો, તો મરશો. ના સાહેબ, મંત્ર જપીશું અને પૈસા કમાઈશું. આ બધું જુઠ્ઠુ છે. હજી પણ આવી જ ગરબડ લઈને બેઠો છે, જાદુગરી લઈને બેઠો છે. જાદુ શું હોય છે ? માટીમાં ફૂંક મારી, થઈ ગયો જાદુ. આ જ તારું અધ્યાત્મ છે ? ઠગાઈ શીખવા આવ્યો છે ? શું શિખવાડું ? ગાયત્રી મંત્ર ભણો અને દીકરો પેદા કરી આપો. આઘો જા, મૂર્ખ. આવી અક્કલ વગરનો વાતો કેમ કર્યા કરે છે ? અધ્યાત્મ અક્કલ વગરના કામો કરવાનું નામ નથી. જેનાથી આપ ફાયદો ઉઠાવી શકો છો, જેને મેળવીને હિંદુસ્તાન શાનદાર બન્યો હતો અને આપ શાનદાર બની શકો છો તે અધ્યાત્મ અલગ છે અને આ અક્કલ વગરની વાતો અલગ છે. કઈ ? જે હું શરૂઆતમાં જ કહી રહ્યો હતો. ખુશામત અને ભેટસોગાદની, ખુશામત કરો અને ભેટસોગાદ અને ભેટસોગાદની, ખુશામત કરો અને ભેટસોગાદ મેળવો. બેટા, આ બાળકોનો ધંધો છે. તમે મોટા લોકોની જમે સમજદાર બનો.

### દૈવી અનુગ્રહ  ભગવાનની સિદ્ધિ

અત્યાર સુધી બે વાતો થઈ. એક જીવની શક્તિ અને બીજી પ્રકૃતિની સિદ્ધિ થઈ. એક ત્રીજી સિદ્ધિ બાકી છે. તે સિદ્ધિ કઈ છે ? તે સિદ્ધિ ભગવાનની સિદ્ધિ છે. ભગવાનની સિદ્ધિ કોને કહેવાય છે ? જેને આપણે દૈવી અનુગ્રહ કહીએ છીએ. દૈવી અનુગ્રહ મળી શકે છે ? હા બેટા, દૈવી અનુગ્રહ પણ મળે છે, પરંતુ દરેકને નથી મળતો. ગુરુજી, જે માગે તેને પણ નહિ ? ના, બેટા, બધાને નથી મળતો. દૈવી અનુગ્રહ પ્રાપ્ત કરવાની પણ શરત છે. કઈ શરત છે ? હવે હું આપને તે જ સમજાવીશ. જેના માટે હું આપને મજબૂર કરવાનો છું તે છે પાત્રતાનો વિકાસ. જે દિવસે આપની પાત્રતા વિકસિત થઈ જશે તે દિવસે દૈવી અનુગ્રહ વરસશે.

મિત્રો ! દેવી અનુગ્રહ વરસે છે, માગવામાં નથી આવતો. આ હવા ઓકિસજન લઈને આવે છે. કેટલો મહત્વનો ઓકિસજન આપને આપવામાં આવી રહ્યો છે. કેટલીક કિંમતનો ઓકિસજન છે ? ડૉક્ટર સાહેબને પૂછો કે ઓકિસજનનો સિલિન્ડર કેટલામાં મંગાવ્યો હતો. છસો પચાસ રૂપિયાનો એક વ્યક્તિ માટે ક્યાં સુધી સિલિંડર ચાલી શકે છે ? જો એક વ્યક્તિ આખો દિવસ લગાવી રાખે તો બે ત્રણ દિવસમાં ખાલી થઈ જાય. હવા આપના નાકમાં ઓકિસજનની નળી લઈને આવે છે અને દરરોજ લગભગ ત્રણસો રૂપિયાનો ઓકિસજન આપને મફતમાં આપી જાય છે. બેટા, દેવતાનો અર્થ નથી જાણતા.

દેવતા ક્યાંથી આવે છે ? સૂરજનો તડકો ક્યાંથી આવે છે ? સૂરજના તડકાની કિંમત આંકો. આપણે ત્યાં લાઈટ વપરાશ છે. સો વોટનો બલ્બ વપરાય છે તે કેટલી વીજળી બાળે છો આપનું મીટર જોઈ લો. આપણે ત્યાં હજાર રૂપિયા કરતાં વધારેનું બીલ આવે છે, હજાર-દોઢ હજાર રૂપિયાની વીજળી બળે છે, તો કહીએ છીએ કે ભાઈ, લાઈટ બંધ કરી દો. આપે સો વોટનો બલ્બ રાખ્યો છે. ચાલીસ વોટનો મંગાવો, પંદરનો મંગાવો. આપણે કરકસર કરીએ છીએ. સૂરજ કેટલા હોર્સ પાવરનો છે ? તે આખા વિશ્વને પ્રકાશ આપે છે.

મિત્રો ! આસમાનમાંથી લાઈટ વરસે છે, પ્રકાશ વરસે છે, ઓકિસજન વરસે છે, જીવન વરસે છે, પ્રાણ વરસે છે. સૌંદર્ય વરસે છે. પાણીની જેમ જાણે શું શું વરસે છે ? બધું જ વરસે છે. આ બધું ભગવાન વરસાવે છે, માણસ નથી વરસાવતો. આ બધા અનુગ્રહ પણ વિના કિંમતે મળે છે. સોક્રેટિસ પાસે એક શક્તિ હતી. તેનું નામ તેમણે ડેમોન રાખ્યું હતું. સોક્રેટિસ સંપૂર્ણ રીતે તેની ઉપર નિર્ભર રહેતા. ડેમોન ઉપરથી આવતો હતો અને મદદ કરતો હતો. વિક્રમાદિત્યની બાબતમાં પણ મેં સાંભળ્યું છે કે તેમની પાસેપ ણ શક્તિઓ આવતી હતી અને તેમને મદદ કરતી હતી. બેટા, દેવતા કેટલા હોય છે, જે માણસને મદદ કરે છે ? તેઓ એટલી બધી મદદ કરે છે કે હું શું કહું ? તેમની મદદ વડે માણસ ધન્ય બની જાય છે. દેવતા કોણ હોય છે ? દેવતા એ શક્તિઓનું નામ છે, જે માણસની ઉપર વરસે છે અને માણસને ધન્ય બનાવે છે. કોની કોની ઉપર દેવતા વરસે છે ?

બેટા, હું બીજાઓના ઉદાહરણ નથી આપતો, બસ, મારું ઉદાહરણ આપું છું કે મારી ઉપર કોણ વરસે છે. સોક્રેટિસની માફક ડેમોન મારી અંદર પણ વરસે છે અને બધા જ અનુગ્રહ તેના દ્વારા કામ કરે છે. કેવો અનુગ્રહ છે ? તેમાં બુદ્ધિનો અનુગ્રહ પણ છે. બુદ્ધિ ક્યાંથી વરસે છે ? બુદ્ધિ ક્યાંથી  આવે છે ? આપ સ્કૂલમાં ભણ્યા છો ? બેટા, હું ક્યાંય નથી ભણ્યો ? આ જે બધી બુદ્ધિ વરસે છે તે આસમાનમાંથી વરસીને મારા મગજમાં ઘૂસી જાય છે અને પૈસા ક્યાંથી વરસે છે ? બેટા, પૈસા આસમાનમાંથી વરસે છે અને અમારી તિજોરીમાં ઘૂસી જાય છે.

## ડેમોન ગુરુ-દેવતા

આ ઘૂસાડવાનું કામ કોણ કરે છે ? ડેમોન. ડેમોન કેવો હોય છે ? ડેમોન કહેવાય છે ભગવાનને. આપના ડેમોનનું શું નામ છે ? મારા ગુરુને હું ડેમોન કહું છું. ગુરુ કોણ હોય છે ? અરે બેટા, તે ભગવાન છે. ભગવાન આપણને આપે છે. દરેકને તે નથી આપી શકતો.  આપના ગુરુ અમને આપશે ? ના બેટા, આપને નહિ આપે.ગુરુજી, આપ અમને આપના ગુરુજીનો સાક્ષાત્કાર કરાવી દો. હા બેટા, હું આપને દર્શન તો કરાવી દઈશ, પરંતુ તેનાથી ફાયદો શું થશે ? જેવાં દર્શન કરીશું કે તરત તેઓ પૈસા આપી દેશે. જો હું તમને કશું જ નથી આપતો.

તમે બેંકમાં જાઓ અને કહો કે મેનેજર સાહેબ, અમે આપના દર્શન કરીશું. તો આપ દર્શન કરો ને ! હા સાહેબ, આપકાં દર્શન થઈ ગયા. તો હવે આપ જઈ શકો છો. ના સાહેબ, અમે જે કામથી આવ્યા હતા તે મનોકામનાનું શું થયું ? અમને પંદર હજાર રૂપિયા આપી દો. બેંકમાં આપનું ખાતું છે ? ના સાહેબ, બેંકમા તો કોઈ એકાઉન્ટ નથી. તો પછી કેવી રીતે માગો છો ? દર્શનની ફિલોસોફી નથી સમજતા અને આવી ગયા દર્શન કરવા.

આપ સ્વર્ગ જોશો કે નરક ? ચાલો હું બતાવી દઉં છું. સારું, ચાલો પહેલાં લ૧મીજીનાં દર્શન કરીએ. સ્ટેટ બેંકમાં જ્યારે નોટોના બંડલ આવે છે તો ખૂલે છે અને મૂકી દેવામાં આવે છે. જુઓ, લક્ષ્મીજીનાં દર્શન કરો. દર્શન કરી લીધા, હવે ફલાણાજીનાં દર્શન કરીશું, ઢીંકણાજીના દર્શન કરીશું, બસ, દર્શન જ મગજમાં સવાર થઈ ગયું છે.

એવો વહેમ સવાર થઈ ગયો છે કે ખુશામત કરીશું અને ભેટસોગાદ મેળવીશું. હવે એક બીજો વહેમ આવી ગયો કે દર્શન કરીશું અને ન્યાલ થઈ જઈશું. દર્શનની ફિલોસોફી તો સમજતા નથી. દર્શન કરવાનો મતલબ આપ સમજો છો ? ગાંધીજીના જેમણે દર્શન કર્યા હતા એમનું નામ હતું નહેરુ, ગાંધીજીના જેમણે દર્શન કર્યા હતા એમનું નામ હતું સરદાર વલ્લભભાઈ પટેલ. ગાંધીજીના જેમણે દર્શન કર્યા હતા એમનું નામ હતું માલવીયા.

### અધ્યાત્મ છે સાયન્સ ઑફ સોલ

મિત્રો ! શું કરવું પડશે ? આપ સૌએ આધ્યાત્મિક જીવનમાં પાત્રતાનો વિકાસ કરવો પડશે. ત્યારે જ અવાજના પડઘાની માફક ભગવાનનો અનુગ્રહ વરસે છે અને વ્યક્તિ પોતાના સામર્થ્ય કરતાં વધારે કામ કરવામાં સમર્થ થઈ જાય છે. મોટામાં મોટા કામ કરવામાં, પોતાના માટે અને બીજાઓને માટે કાંઈક કરવામાં તે સમર્થ બની જાય છે. મહેદી આપણે વાટીએ છીએ બીજાઓના ફાયદા માટે, પરંતુ આપણે પોતે ન્યાલ થઈ જઈએ છીએ. આવું છે અધ્યાત્મ, જે હું તમને શીખવવા માગતો હતો. આ અધ્યાત્મનો વેશ બેટા, એક જ છે. આપ પોતાનું વ્યકિતત્વ ઠીક કરી લો. આપની અંદર તીવ્રતા પેદા કરો, જેના વડે જે ચીજ આપ મેળવવા માગો છો તે મેળવી શકો. અધ્યાત્મ તેનું જ નામ છે. જે અધ્યાત્મ આપે વાંચ્યું છે તે અધ્યાત્મ નથી. અધ્યાત્મ માગવાની વિદ્યાનું નામ નથી. બહારથી મેળવવાની વિદ્યાનું નામ નથી. અધ્યાત્મ કોને કહેવાય છે ? સોલના સાયન્સને અધ્યાત્મ કહેવાય છે. સોલ (આત્મા) નો વિકાસ આપણે કેવી રીતે કરી શકીએ ? સોલને કેવી રીતે બદલી શકાય ? સોલને આપણે ગૌરવશાળી કેવી રીતે બનાવી શકીએ, જેથી બહારની વસ્તુઓ ખેંચાતી ચાલી આવે ?

મિત્રો ! આપણા પોતાના મેગ્નેટને સુરક્ષિત કરવાની કળાનું નામ અધ્યાત્મ છે. આપણું મેગ્નેટ જ્યારે ખેંચે છે તો તે બહારની વસ્તુઓને ખેંચે છે. વૃક્ષો જ્યારે ખેંચે છે તો વાદળો વરસે છે. ઝાડ જ્યારે નાશ પામે છે ત્યારે પાણી વરસવાનું બંધ થઈ જાય છે. વૃક્ષોનું મેગ્નેટ જ તેમને ખેંચે છે. ખાણ જ્યારે પેદા થાય છે ત્યારે તેની અંદર જે લોખંડ હોય છે તે દૂર દૂરથી ખેંચાતું રહે છે અને ખાણમાં એકઠું થાય છે.

મૅગ્નેટ ખેંચતું રહે છે. ચોર ચોરોને ખેંચતા રહે છે. આપને ખબર છે કે એક જુગારી પાસે ઢગલાબંધ જુગારીઓ ભેગા થઈ જાય છે અને વેશ્યાઓને ત્યાં ભમરાઓ એકઠા થઈ જાય છે. તીવ્ર ઇચ્છા તેમને ખેંચે છે. જુગારી પાસે જુગારી, ચોરોની પાસે ચોર, લફંગાઓ પાસે લફંગા, વિદ્વાનો પાસે વિદ્વાન અને જ્ઞાનીઓની પાસે જ્ઞાની ખેંચાતા ચાલ્યા આવે છે. આવી આદતો અથવા વ્યકિતની અંદરનું મૅગ્નેટ જ્યારે ઉછાળો મારે છે, તીવ્રતા જાગે છે ત્યારે તે સમાનધર્મીને પોતાની પાસે અનાયાસ જ ખેંચે છે.

મિત્રો ! જ્યારે આપનું મૅગ્નેટ અંદરથી વધશે ત્યારે આપ ખેંચાવા માટે સમર્થ બનશો. જેનો અનુભવ મને વ્યક્તિગત રૂપે છે તે જ બાબતો આપને બતાવી રહ્યો છું. હવામાં અદૃશ્ય થઈ જવાનો અનુભવ મને નથી. બેટા, મને કોઈ કરામતો નથી આવડતી. કરામતો કરવાથી કોઈ અધ્યાત્મવાદી બની શકતો નથી. અધ્યાત્મ પોતે જ સૌથી મોટી કરામત છે. તેનાથી વ્યકિત મહાન આત્મા થઈ જાય છે, દેવાત્મા થઈ જાય છે, ઋષિ થઈ જાય છે અને નરમાંથી નારાયણ બની જાય છે. તે પોતે જ એક વિદ્યા છે.

### વ્યકિતત્વનું ચુંબક

મિત્રો ! આધ્યાત્મિક શક્તિઓને વ્યક્તિની તીવ્રતા ખેંચે છે. કોને ખેંચે છે ? જે સિદ્ધિઓ આપ ઇચ્છો છો તેને તીવ્રતા ખેંચી લાવે છે. ગુલાબનું ફૂલ જ્યારે ખીલે છે તો ભમરાઓને ખેંચે છે, પતંગિયાઓને ખેંચે છે. માનવી જ્યારે ખીલે છે ત્યારે દેવતાઓને ખેંચે છે, ભગવાનને ખેંચે છે, પાડોશીઓને ખેંચે છે, સમાજને ખેંચે છે અને પોતાના અંતરમાં દબાઈ ગયેલી ક્ષમતાઓને ખેંચે છે. બધી જ વસ્તુઓ ખેંચાતી આવે છે અને વ્યક્તિ સંપન્ન થઈજ ાય છે, સમર્થ થઈ જાય છે. આ કોની ઉપર ટકેલું છે ? પોતાના વ્યક્તિત્વ, પોતાનો સુધાર કરી લેવા ઉપર ટકેલું છે. આ જ અધ્યાત્મનો સિદ્ધાંત છે.

મિત્રો ! હું શું કહેવાનો હતો ? ઋષિઓની એ જ વાણીને ફરીથી કહેવાનો હતો, જેમાં એમ કહેવામાં આવ્યું છે કે આત્માવારે જ્ઞાતવ્ય, ધ્યાતવ્ય, નિદિધ્યાસતવ્ય. અરે મૂર્ખાઓ, પોતાને જુઓ, પોતાને સમજો અને પોતાને બરાબર બનાવો. આ શું છે ? આ ઋષિઓની વાણી છે અને આ તે અધ્યાત્મ છે, જેમાં ભગવાને કહ્યું છે કે જો મનુષ્યમાંથી આપ ઉંચા ઊઠવા માગતા હો, આગળ વધવા ઇચ્છતા હો,

ખુશ થવા માગતા હો, સમૃદ્ધ થવા માગતા હો, સંપન્ન થવા માગતા હો, તો તેના માટે કઈ પદ્ધતિ હોઈ શકે ? કઈ ફોર્મ્યુલા હોઈ શકે ? ભગવાને કહ્યુ, ઉધ્ધરેદાત્મનાઽત્માનં નાત્માનવમસાદયેત્. અર્થાત્ પોતાની જાતને ઊંચે ઉઠાવો, પોતાની જાતનું પતન ન થવા દો.

મિત્રો ! પતન કોણ કરાવે છે ? માણસ. ઊંચે કોણ ઉઠાવે છે ? ભગવાન. માણસની અંદર જે ઉંચા ઉઠાવનારું તત્વ છે તેને કહેવાય છે ભગવાન. ભગવાન કોને કહેવાય છે ? માનવીની અંદર એક એવી પ્રેરણા છે, જે માનવીને ઉંચ ઉઠાવે છે તે જ ભગવાન છે, જે વ્યાપક ભગવાન છે તે તો ખૂબ જ ફેલાયેલો છે, તેની તો વાત જ ન કહેશો. બ્રહ્મ તો એટલા વિશાળ છેકે આપણી અક્કલ જ કામ ન કરે.

આપણી અંદર તે ભગવાન છે, જે આપણને ઉંચા ઉઠાવે છે. જે નીચા પાડે છે તે ભગવાન નથી. તેને શેતાન કહે છે. શેતાનને રોકો, ભગવાનનું સમર્થન કરો અને આપ જાતે જ ઉંચા અઠો.

મિત્રો ! આ કોણે કહ્યું છે ? ગીતાકારે કહ્યું છે - ઉધ્ધરેદાત્મનાઽત્માનં નાત્માનમવસાદયેત્. પોતાની જાતને ઉઠાવો, પોતાની જાતને નીચી ન પાડો. પોતાને કોણ નીચું પાડે છે ? અરે કોઈ નથી પાડતું, આપ સ્વયં પોતાને નીચે પાડો છો. ના સાહેબ, મને પાડોશી હેરાન કરે છે અને પત્ની હેરાન કરે છે અને શેરીવાળા હેરાન કરે છે, માંદગી હેરાન કરે છે. કોઈ હેરાન કરતું નથી.

આપ આપની પોતાની જાતને હેરાન કરો છો. આપ આપને પોતાને ઠીક કરો. આપ એક મિત્ર સાથે મિત્રતા કરી લો અને એક દુશ્મનનો પીછો છોડી દો. અધ્યાત્મમાં કોણ મિત્ર છે અને કોણ દુશ્મન છે ?

આત્મૈવ વ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ અર્થાત્ આપ જ પોતાના દુશ્મન છો અને આપે જ પોતાના પગ પર કુહાડી મારી છે અને આપ જ હેરાન થાઓ છો. આપ જ ઉધ્ધરેત્ અર્થાત્ પોતાની જાતને ઠીક કરો, પોતાની જાતને સાચી સ્થિતિમાં લાવો.

## પોતાની જાતને બદલો

મિત્રો ! આપ પોતાની જાતને બદલી નાંખો, પછી જુઓ દુનિયા કેવી રીતે બદલાઈ જાય છે. સમગ્ર વાતાવરણ બદલાઈ જશે. આપ પોતાની આંખોના ચશ્માં બદલો, લીલા ચશ્માં છોડો અને લાલ ચશ્માં પહેરો. પછી જુઓ, આખી દુનિયા લાલ થઈ જશે.

આપની પાસે જે નેગેટિવ ચિંતન છે, અંતર્મુખી જીવન છે, સ્વાર્થમાં ઘેરાયેલું ચિંતન આપની ઉપર કબજો જમાવીને બેઠું છે તેને આપ ઠીક કરવાનું શરૂ કરી દો. પછી જુઓ, હું આપને ખાતરી આપું છું કે આપને ત્રણેય પ્રકારની સહાયતા મળશે. આપના માટે ત્રણેય ઉભા છે. પહેલું - આપનું અંતઃકરણ સિદ્ધિઓ આપવા માટે ઊભું છે.

આપની અંદર દિવ્ય શક્તિઓ ભરેલી છે અને હું આપને ઉંચા ઉછાળી શકું છું. આપની અંદરનું વર્ચસ્વ, આપની અંદરનો વૈભવ જાગી જાય, તો તે આપને ન્યાલ કરી દેશે. બીજું સમાજમાં લોકો આપની આરતી ઉતારવા માટે ઉભા છે. આપ થોડા પ્રકાશવાન તો થાઓ, પછી જુઓ હું આપને કેટલી રીતે સહાય કરું છું.

સામાજિક જીવનમાં લોકો કેટલી મદદ કરે છે અને ત્રીજું - ભગવાનના, જીવન દેતવાના અનુદાન વરદાન કેવી રીતે આપની ઉપર વરસે છે. આપના માટે દેવતાઓ ફૂલો ભરેલું વિમાન લઈને તૈયાર બેઠા છે. આપ પોતાને બદલો તો ખરા, ઉંચા તો ઉઠાવો. દૈવી અનુદાન સતત આપની ઉપર વરસતા જ રહેશે. આજની વાત સમાપ્ત. ૐ શાંતિ :